ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G

# ધો. ૧૦-૧૨ની પરીક્ષાનો શાંતિપૂર્ણ પ્રારંભ





(તસવીર : દિપક જાની)

## ગુજરાતીમાં સ્વચ્છતા ત્યાં પ્રભુતા, એ શિક્ષક મને યાદ છે નિબંધ પુછાયો : ગુજરાતી અને ભૌતિકશાસ્ત્રનું પેપર સરળ, વિદ્યાર્થીઓ ખુશ : ધો. ૧૦માં ૩૪૪, ધો. ૧૨ વિ. પ્રવાહમાં ૯૧ અને સામાન્ય પ્રવાહમાં ૬૩ વિદ્યાર્થીઓની હાજરી ઘટી : કોઈ કોપીકેસ નહી

ગાંધીનગર, તા. ૧૨

ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાનો આજે શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ થયો હતો. શહેરની માઉન્ટ કાર્મેલ શાળામાં શિક્ષણમંત્રીએ વિદ્યાર્થીઓને પુષ્પ અને ચોકલેટ આપી પરીક્ષાની શુભેચ્છા આપી હતી. ધો. ૧૦માં જિલ્લામાંથી ૨૫૬૨૪ વિદ્યાર્થીઓએ ગુજરાતી વિષયની પરીક્ષા આપી હતી. જ્યારે ૩૪૪ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં ૫૪૭૯ વિદ્યાર્થીઓએ ભૌતિકવિજ્ઞાનની પરીક્ષા આપી હતી. ૯૧ ગેરહાજર રહ્યા હતા. આ ઉપરાંત ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં નામાના મૂળતત્વો વિષયની પરીક્ષામાં ૬૩ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. પરીક્ષા દરમિયાન જિલ્લામાં એકપણ કોપીકેસ નોંધાયો ન હતો. સુરક્ષા વ્યવસ્થા અને સી.સી.ટી.વી. કેમેરાથી સજ્જ પરીક્ષા સ્થળો પર સ્વાઈનફ્લુના રોગચાળાને અનુલક્ષી 'હેલ્પ ડેસ્ક' પણ ઉભું કરવામાં આવ્યું હતું. ધો. ૧૦માં ગુજરાતીનુ, ધો. ૧૨માં ભૌતિક વિજ્ઞાનનું પ્રશ્નપત્ર અત્યંત સરળ રહ્યું હતું. જેના પરિણામે વિદ્યાર્થીઓ ખુશખુશાલ જોવા મળ્યા હતા.

ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાના પ્રારંભે સે. ૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળામાં શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે રાજ્યમાં ૧૭ લાખથી વધુ વિદ્યાર્થીઓ ધો. ૧૦ અને ૧૨ પરીક્ષા આપી રહ્યા છે. ગાંધીનગર જિલ્લામાં પણ ૫૧ હજાર વિદ્યાર્થીઓ, ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષઆમાં હાજરી આપશે. સે. ૨૩ સ્થિત આર.જી. પટેલ કન્યા વિદ્યાલયમાં રાજ્યમંત્રી વસુબેન ત્રિવેદી તેમજ સ્વામિનારાયણ હાઈસ્કૂલમાં રાજ્યમંત્રી નાનુભાઈ વાનાણીએ પરીક્ષાર્થીઓને શુભેચ્છા આપી હતી. જિલ્લા શિક્ષણાધિકારી એમ.એસ. બારડ સહીત શિક્ષણતંત્રના અધિકારીઓ પણ આ તબક્કે હાજર રહ્યા હતા. ધો. ૧૦માં ગુજરાતીનું પ્રશ્નપત્ર સરળ રહ્યું હતું. ગુજરાતીના પેપરમાં મા તે મા, સ્વચ્છતા ત્યાં પ્રભુતા, એ શિક્ષક મને યાદ છે જેવા વિષયો અંગે નિબંધ પુછવામાં આવ્યા હતા, જ્યારે ટી.વી. જોવાથી અભ્યાસ પર પડતી અશરો અને પ્રવાસ અંગે પત્રલેખનનો પ્રશ્ન પુછાયો હતો. શાળામાં રક્તદાન શિબિર અંગે અહેવાલ પુછાયો હતો. ગ્રામરના પ્રશ્નો પણ સરળ સાબિત થતા હતા. ધો. ૧૦ અને ૧૨માં ગુજરાતી અને ભૌતિક વિજ્ઞાનનું પ્રશ્નપત્ર પુસ્તકલક્ષી અને અત્યંત સરળ રહેતા પરીક્ષાના પ્રારંભે વિદ્યાર્થીઓ ખુશહાલ જોવા મળ્યા હતા.

## ધો-૧૦ની પરીક્ષા આપતા વિકલાંગ વિદ્યાર્થીને દાદી મદદરૂપ બન્યા

### સેન્ટ ઝેવિયર્સ શાળામાં વિકલાંગતા ધરાવતા ૧૦૦ વિદ્યાર્થીઓ માટે અલાયદી વ્યવસ્થા



આજથી શરૂ થયેલી ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષામાં વિકલાંગ વિદ્યાર્થીઓ માટે ખાસ બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. શહેરની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં બ્લોક નં.૧માં ૧૦૦ જેટલા વિકલાંગ પરીક્ષાર્થીઓ માટે બેઠક વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે. અંધ પરીક્ષાર્થીઓ માટે રાઈટરની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. સેન્ટ ઝેવિયર્સ શાળામાં ધો-૧૦ની પરીક્ષા આપતા એક વિકલાંગ વિદ્યાર્થીને તેના દાદી મદદરૂપ બન્યા છે. લકવામાં વિશેષ તકલીફ ધરાવતો આ વિદ્યાર્થી પાનુ ફેરવવા માટે તેમજ પેડ ઉપર જાતે હાથ મુકવ અસમર્થ હોવાથી પરીક્ષા આપતા પૌત્રની તકલીફમાં તેના દાદી મદદે આવ્યા છે. શાળાઓના પ્રત્યેક બ્લોકમાં તકલીફ ધરાવતા વિદ્યાર્થીઓ માટે એક અલગ રૂમ નિયત કરાયો છે.





(તસવીર : દિપક જાની)



## પરીક્ષાર્થીઓની મુંઝવણ દૂર કરવા કાર્મેલમાં પ્રેઝન્ટેશન રજૂ કરાયું

શહેરની માઉન્ટ કાર્મેલ શાળામાં બોર્ડની પરીક્ષા શરૂ થતા પૂર્વે પરીક્ષાર્થીઓ માટે પ્રેઝન્ટેશન રજુ કરાયું હતું. ઓ.એમ.આર. શીટ કઈ રીતે ભરવી પેપર લખતી વેળાએ શું તકેદારી રાખવી આ સઘળી બાબતોને લઈ વિદ્યાર્થીઓની મુંઝવણ દૂર કરવા શાળા કક્ષાએથી પ્રોજેકટરના માધ્યમથી પ્રેઝન્ટેશન રજૂ કરી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ માટે વિશેષ સોફવેર તૈયાર કરવામાં આવ્યું હતું. જયારે પ્રત્યેક પરીક્ષા ખંડમાં વિદ્યાર્થીઓને માહીતગાર કરાયા હતા.

## ૧૨ સામાન્ય પ્રવાહમાં આજે ઈતિહાસનું પેપર

અમદાવાદ, તા.૧૨

સમગ્ર રાજયમાં ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનો પ્રાંરભ થઈ ચુકયો છે ત્યારે આવતીકાલે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં સવારના ૧૦:૩૦ થી ૧:૪૫ કલાક દરમિયાન ઈતિહાસ વિષયની પરીક્ષા લેવાશે જ્યારે બપોરે ૩:૦૦ થી ૬:૧૫ કલાક દરમિયાન તત્વજ્ઞાન વિષયની પરીક્ષા લેવાશે. જ્યારે બીજી બીજુ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આવતીકાલે રજા રહેશે. ધોરણ-૧૦ માં શનિવારે વિજ્ઞાન અને ટેકનોલોજી જેવા પ્રમાણમાં અઘરા ગણાતા વિષયની પરીક્ષા લેવાની છે.

## સચિવાલય ખાતે સનદી અધિકારી ભાગ્યેશ જહાનો વિદાય સમારંભ

ગાંધીનગર, તા.૧૨

યુવક સેવા અને સાંસ્કૃતિ પ્રવૃત્તિઓ વિભાગના સચિવ અને માહિતી કમિશનર શ્રી ભાગ્યેશ જહા (આઈ.એ.એસ.) વય નિવૃત્ત થતાં આજે ગાંધીનગર ખાતે મુખ્ય સચિવ શ્રી ડી. જે. પાંડિયનની



ખાસ ઉપસ્થિતિમાં વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય સચિવ શ્રી પાંડિયને શ્રી જહાની કામગીરી બિરદાવી નિવૃત્તિ જીવન સુખમય રહે તે માટે શુભેચ્છાઓ આપી હતી.

વિદાયમાન થતા શ્રી ભાગ્યેશ જહાએ પોતાના પ્રતિભાવો આપતાં જણાવ્યું હતું કે નોકરી દ્વારા માતૃભૂમિ ગુજરાતની સાચાદિલથી સેવા

● અનુસંધાન પાન-૭ પર




## પર્યાવરણના ભોગે પંચામૃત ભવનના નિર્માણ સામે નગરજનોમાં ઉગ્ર રોષ

### કલેક્ટર-મેયરને આવેદન અર્પણ કાર્યક્રમથી લોકઆંદોલનના શ્રીગણેશ

ગાંધીનગર, તા. ૧૨

રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગર ખાતે નિર્માણ પામનાર પંચામૃત ભવનને કારણે હજારો વૃક્ષોના નિકંદનની સાથે પર્યાવરણને પણ ગંભીર નુકસાન થઈ શકે તેમ હોઈ નિયત કરાયેલ વનવિસ્તારમાં ભવનનું કાર્ય બંધ રાખવાની માગણી સાથેનું આવેદનપત્ર આજે જાગૃત નગરજનો દ્વારા જિલ્લા કલેક્ટર અને મેયરને સુપરત કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર શહેરને મોડેલ સીટી બનાવવાના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા પંચશક્તિ આધારિત આયોજનો અંતર્ગત સચિવલાય-વિધાનસભાની પાછળના વિશાળ વન વિસ્તારમાં પંચામૃત ભવનના નિર્માણ માટેની તૈયારીઓ થઈ રહી છે. આ પ્રોજેક્ટને કારણે હજ્જારો વૃક્ષોનું નિકંદન નીકળી જતા આ સ્થળે વસતા રાષ્ટ્રીય પક્ષી મોર, કાબર, કાગડા, યાયાવર પક્ષીઓ, નીલગાય, સસલા, ઘૂલીયા કાચબા સહિતના નિર્દોષ પશુ-પક્ષીઓ તેમજ અસંખ્ય જાતના સરિસૃપોનું આશ્રયસ્થાન ઝુંટવાઈ જશે. અગાઉ સરકાર દ્વારા જ આ વિસ્તારમાં હર્બી વોરસ પાર્ક બનાવવાની વાત થઈ હતી. પરંતુ વિકાસ માટેની અન્ય ખુલ્લી વિશાળ પડતર જગ્યાઓ પડતી મુકીને સરકારે આ હરિયાળા વિસ્તારને પંચામૃત ભવન નિર્માણ માટે પસંદ કરીને પર્યાવરણ પ્રેમીઓ અને નગરજનોને ઠેસ પહોંચાડી છે. છેલ્લા કેટલાક વર્ષોથી વિકાસના નામે આ નગરમાં લાખો વૃક્ષોના નિકંદનને કારણે ગ્રીન સીટી ઓફ વર્લ્ડ વિશ્વની સૌથી હરિયાળી નગરી તરીકેનું બિરૂદ તો છીનવાઈ જ ગયું છે અને હરિયાળીની દષ્ટિએ રાજ્યમાં જ છેક સાતમા ક્રમે આ શહેર આવી ગયું છે. એક તરફ શહેરના આકર્ષણ સમા ગુલાબોદ્યાન, રાજીવવન, જાહેર બગીચાઓ અને વનરાજીઓ સંપૂર્ણપણે નષ્ટ પામીને નામશેષ થયા છે, તો બીજી તરફ વિકાસકાર્યોના નામે હરિયાળીનો બેહદ હ્રાસ થઈ રહ્યો છે. હવે, પંચામૃત ભવન નિર્માણના નામે આ વિશાળ વન વિસ્તારના અસ્તિત્વ અને નિર્દોષ જીવસૃષ્ટિના આશ્રય સામે ગંભીર જોખમ ઉભુ થઈ રહ્યું છે. આ બાબતને ગંભીરતાથી લઈને SAVE GREEN GANDHINAGAR ના સૂત્ર સાથે પર્યાવરણ બચાવ ઝુંબેશ શરૂ કરી છે. જેના ભાગરૂપે નગરની વિવિધ સ્વૈચ્છિક સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ, પર્યાવરણ પ્રમીઓ, જાગૃત નાગરિકોની મળેલ બેઠકમાં આ મુદ્દે ચર્ચા વિચારણા કરી સરકાર સમક્ષ રજુઆત કરવા અને યોગ્ય નિર્ણય ન આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે ચળવળ શરૂ કરવા સર્વાનુમતે ઠરાવ્યું હતું.

પર્યાવરણ બચાવ અભિયાન અંતર્ગત આજે વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ, જીલુભા ધાંધલ, જીજ્ઞેશ જોષી, જૈનુલ પટેલ, અંજના નિમાવત, ઉરેન પટેલ, કિશોર જીકાદરા, બાર એસો.ના શ્રી ગીરિશસિંહ ગોહિલ, દિપેન શુક્લ, નિતિન પટેલ સહિત વિવિધ

● અનુસંધાન પાન-૭ પર

## મહેન્દ્રસિંહ વાઘેલાનો કેસરી ઝભ્ભો ચર્ચાનો મુદ્દો

ગાંધીનગર, તા. ૧૨

બાયડના ધારાસભ્ય અને ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા કેસરી કલરનો ઝભ્ભો પહેરી આવતાં ધારાસભ્યોમાં ચર્ચાનો મુદ્દો બન્યો હતો.

કપડાંનો અત્યંત તીવ્ર શોખ ધરાવતા શ્રી વાઘેલાએ એકદમ જ કેસરી ઝભ્ભો કેમ ધારણ કર્યો અને ગૃહમાં આવ્યા તેને લઈ સભ્યોમાં આંતરિક ચર્ચાનો મુદ્દો બન્યો હતો.

## જિલ્લામાં ૧૬૪ આંગણવાડીઓ ભાડાના મકાનમાં ચાલે છે!

### છેલ્લા બે વર્ષમાં એક પણ નવા આંગણવાડી કેન્દ્રો મંજુર થયા નથી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લામાં ૧૬૪ આંગણવાડીઓ ભાડાના મકાનમાં ચાલે છે. આંગણવાડીના પોતાના મકાનો બનાવવા પણ સરકાર દ્વારા ટૂંકમાં આયોજન કરવામાં આવશે. જિલ્લામાં બે વર્ષ દરમિયાન કોઈ નવા આંગણવાડી કેન્દ્રો મંજૂર થયા નથી.



**વિધાનસભામાં ગાંધીનગર**

**- ધનંજય જોષી**

જિલ્લામાં ૧૬૪ જેટલી આંગણવાડીઓ ભાડાના મકાનમાં ચાલે છે. વિરમગામના ડૉ. તેજશ્રીબેન પટેલના પ્રશ્ના ઉત્તરમાં મહીલા અને બાળ કલ્યાણ મંત્રીએ જણાવ્યું હતું કે ગાંધીનગર તાલુકામાં ૨૨, દહેગામમાં ૨૧, કલોલમાં ૧૦ અને માણસામાં ૨૧ આંગણવાડી ભાડાના મકાનમાં કાર્યરત છે. આંગણવાડીના મકાનો સરકાર કક્ષાએ બનતી ત્વરાએ બનાવવામાં આવશે. કલોલના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં પણ મહીલા અને બાળકલ્યાણ મંત્રીએ જણાવ્યું હતું કે જિલ્લામાં બે વર્ષ દરમિયાન કોઈ નવા આંગણવાડી કેન્દ્રો મંજુર થયા નથી.

જિલ્લામાં બે વર્ષમાં વિધવા સહાય અંતર્ગત ૧૩૧૦ અરજીઓ મળી હતી જયારે આ પૈકી ૧૨૩૭ કિસ્સામાં સહાયનો લાભ આપવામાં આવ્યો છે. માણસાના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં મહીલા અને બાળ કલ્યાણ મંત્રીએ જણાવ્યું હતુ કે ગાંધીનગર તાલુકામાં વિધવા સહાય યોજના અન્વયે બે વર્ષમાં ૩૦૪, દહેગામ તાલુકામાં ૩૭૮, માણસા તાલુકામાં ૨૪૨ અને કલોલ તાલુકામાં ૩૧૩ અરજીઓ મંજુર કરવામાં આવી છે. તમામ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હોવાથી અન્ય પ્રશ્ન ઉપસ્થિત રહેતો નથી.

**ગાંધીનગર મેડીકલ કોલેજમાં બે વર્ષમાં ૩૦૦ બેઠકોને મંજુરી**

રાજયમાં ખાનગી તેમજ સરકારી મેડીકલ કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં ૫૮૬૦ બેઠકો મંજુર કરવામાં આવી છે. કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે રજુ કરેલા પ્રશ્નના ઉત્તરમાં આરોગ્ય મંત્રીએ જણાવ્યું હતું કે ગાંધીનગર મેડીકલ કોલેજમાં પણ વિદ્યાર્થી માટે ૩૦૦ બેઠકો મંજુર કરવામાં આવી છે. રાજયમાં સરકારી તેમજ સ્વનિર્ભર કોલેજમાં વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન ૨૭૮૦ અને વર્ષ ૨૦૧૪-૧૫માં પણ આટલા જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે.







Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com